ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૨૪૯ તારીખ ૨૧-૬-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# બેન્ક શેરોમાં લાંબી તેજી શરૂ

ગયા અઠવાડિયે દર્શાવ્યું હતું તે રીતે સેન્સેક્સ અને નિફ્ટીમાં અત્યારે લાંબી તેજી અગાઉનો થાક જોવાય છે અને ખેલાડીઓ અત્યારે મિડકેપ શેરો, સ્મોલકેપ શેરો અને બેન્ક શેરોમાં સક્રિય થઈ ગયા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ જ પ્રકારનો કોન્સોલિડેશન અને થોડી નબળાઈનો તબક્કો ચાલી રહ્યા છે.

અમેરિકામાં ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજે ૨૭મી એપ્રિલ પછી પ્રથમ વખત ૧૮૦૦૦નું સાયકોલોજીકલ લેવલ કૂદાવ્યું હતું પરંતુ ફરી એક વખત તેમાં નબળાઈનો તબક્કો શરૂ થયો છે અને ગયા અઠવાડિયા દરમ્યાન અમેરિકામાં ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાઓ નબળા આવવાને કારણે અમેરિકન બજારો ઉપર તેની અસર જોવાઈ હતી.

ગયા અઠવાડિયે અમેરિકામાં મે મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જાહેર થયા હતા અને તેમાં અપેક્ષા કરતાં વધારે ઘટાડો જોવાયો. મુખ્યત્વે યુટિલિટીઝનું ઉત્પાદન અને ઓટોમોબાઈલ સેક્ટરનું ઉત્પાદન ઘટ્યું હોવાની અસર જોવાતી હતી. અર્થશાસ્ત્રીઓને ૦.૨ ટકા ઘટાડાની અપેક્ષા હતી અને તેની સામે ૦.૪ ટકા ઘટાડો ઔદ્યોગિક ઉત્પાદનમાં જોવાયો છે અને એકંદરે ઔદ્યોગિક કેપેટિસીમાં પણ ૦.૪ ટકાનો ઘટાડો થયો છે અને લગભગ ૭૪.૯ ટકા ઉત્પાદન ક્ષમતાનો વપરાશ થઈ રહ્યો છે.

વ્યાજદરમાં ફેરફાર કરવા માટે બેરોજગારીની સાથે સાથે ફેડરલ રિઝર્વ ઉત્પાદન ક્ષમતાના વપરાશને પણ મહત્ત્વના ઈન્ડિકેટર તરીકે જોઈ રહ્યા છે અને તે પાછળ ફુગાવો કેવો રહેશે તેનો અંદાજ પણ ગણવામાં આવે છે.

ગયા અઠવાડિયે ફેડરલ રિઝર્વની જૂન મહિનાની મિટીંગ મળી હતી અને તેમાં વ્યાજદરમાં ફેરફાર થશે એવી કોઈ જ અપેક્ષા ન હતી, પરંતુ ફેડરલ રિઝર્વના ચેરમેન અર્થતંત્ર અંગે શું સંકેત આપે છે તેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી. મિટીંગમાં ફેડરલ રિઝર્વના ચેરમેને ચાલુ વર્ષે બે વખત વ્યાજદર વધારવામાં આવશે તેવો સંકેત આપ્યો છે. પરંતુ તે પછી કેટલાંક અર્થશાસ્ત્રીઓને એક જ વખત વ્યાજદર વધારાશે તેવી અપેક્ષા છે. ફેડરલ રિઝર્વે ૦.૫ ટકાના લેવલ ઉપર વ્યાજદર જાળવી રાખ્યો છે.

એપ્રિલની મિટીંગમા ફેડરલ રિઝર્વે ૨૦૧૬ આખર સુધીમાં એક જ વખત વ્યાજદર વધશે તેવો સંકેત એક મેમ્બરે આપ્યો હતો. પરંતુ હવે લગભગ ૧૦ વોટિંગ સભ્યોમાંથી ૬ સભ્યોની ગણતરી છે કે સને ૨૦૧૬ દરમ્યાન વ્યાજદરમાં એક જ વખત વધારો થઈ શકશે અને આ ટ્રેન્ડને કારણે અમેરિકન બજારોમાં થોડી નબળાઈ જોવાય છે.

મિટીંગ પછી ફેડરલ રિઝર્વે આપેલા સ્ટેટમેન્ટમાં બેરોજગારી ઘટીને ૪.૭ ટકાના લેવલ ઉપર આવી ગઈ હોવાનું સ્વીકાર્યું હતું તેમ છતાં રોજગારીમાં મળતાં ફાયદા ઘટ્યા છે તેઓ પણ સ્વીકાર કર્યો હતો. પરંતુ સામે પક્ષે રિટેલ વેચાણો અને હાઉસિંગના વેચાણો ખૂબજ મજબૂત હોવાનું ફેડરલ રિઝર્વે દર્શાવ્યું છે અને એકંદરે ઉત્પાદકતા ઘટી હોવાથી અને જનરલ ગ્લોબલ સ્લોડાઉનને કારણે ઔદ્યોગિક વૃદ્ધિદર અંગે આશંકા વ્યક્ત થઈ રહી છે અને સાથે સાથે કેટલાંક અર્થશાસ્ત્રીઓએ યુરોપિયન યૂનિયનમાંથી બ્રિટન નીકળી જાય તો તેને કારણે સમગ્ર વિશ્વના અર્થતંત્ર ઉપર ખરાબ અસર પડશે તેવો ભય પણ દર્શાવ્યો છે.

ફેડરલ રિઝર્વ દ્વારા ચાલુ વર્ષ માટે ગ્રોસ જીડીપીનો અંદાજ ૨.૨ ટકાથી ઘટાડીને ૨ ટકાનો કરી નાંખ્યો છે અને તે બાબત પણ થોડી નકારાત્મક ગણવામાં આવે છે. પરંતુ સાથે સાથે અમેરિકન અર્થતંત્રમાં જેનું ખૂબ મહત્ત્વ છે તે હાઉસ હોલ્ડ ખર્ચમાં ઉછાળાનો ટ્રેન્ડ જોવાયો છે અને સાથે સાથે હાઉસિંગ સેક્ટરમાં પણ મજબૂતી જોવાય છે.

બેન્ક ઓફ જાપાને તેના વ્યાજદરમાં કોઈ જ ફેરફાર ના કરતાં ગયા અઠવાડિયે યેનમાં મોટો ઉછાળો જોવાયો હતો અને આ ટ્રેન્ડને કારણે જાપાન સાથે બિઝનેસ ધરાવતી કંપનીઓ અને ખાસ કરીને મારુતિ સુઝુકીના શેરમાં ઘટાડાનો ટ્રેન્ડ હતો.

સામે પક્ષે અમેરિકામાં રિટેલ વેચાણો ૦.૩ ટકાની અપેક્ષા સામે ૦.૫ ટકા વધ્યા છે અને ખાસ કરીને ઓટોમોબાઈલ અને અન્ય આઈટમોની ખરીદી અમેરિકનોએ મે મહિનામાં વધારે કરી છે. સતત બીજા મહિના દરમ્યાન અમેરિકાના રિટેલ વેચાણોમાં ઉછાળો જોવાયો છે. એપ્રિલ મહિનામાં ઓટોમોબાઈલના વેચાણો ૩.૧ ટકા વધ્યા પછી મે મહિનામાં ૦.૫ ટકાનો ઉછાળો દર્શાવે છે. આમ, એકંદરે વિશ્વ સ્તરે અમેરિકન અર્થતંત્રમાં મજબૂતી સૌથી મોટી રાહતનું પરિબળ છે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડના ભાવમાં બેતરફી વધઘટનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. અમેરિકામાં ક્રૂડનું ઉત્પાદન દૈનિક ૧૦૦૦૦ બેરલ વધીને ૨૭૪૫૦૦૦ થઈ જતાં ઉત્પાદનમાં ૧૫ અઠવાડિયા સુધી ઘટાડાનો તબક્કો પૂરો થયો છે અને ગેસોલિનના સ્ટોકમાં પણ લગભગ ૧૦ લાખ બેરલનો વધારો થયો છે. આમ, આગામી દિવસોમાં ક્રૂડ ટૂંકી વધઘટ ઉપર પડી રહે તે સંભાવના એનાલિસ્ટો જોઈ રહ્યા છે. જ્યારે સોના અને ચાંદીમાં મજબૂત તેજીનો સંકેત ગયા અઠવાડિયે અમારા કોમોડિટી એનાલિસિસમાં આપેલો અને તે મુજબ આ બંને કિંમતી ધાતુઓમાં ખૂબ સુંદર ઉછાળો જોવાયો છે.

ભારતમાં ચોમાસામાં ફરી એક વખત વિલંબ જોવાય છે અને તેથી ચોમાસાને કારણે જે તેજીની અપેક્ષા હતી તેની ઉપર અત્યારે બ્રેક લાગી ગઈ છે અને હવે વાસ્તવમાં ચોમાસું પશ્ચિમ કિનારે મજબૂત રીતે શરૂ થાય તે પછી જ ચોમાસા આધારિત તેજી શરૂ થશે.

સામે પક્ષે જીએસટી ખરડા અંગે આશાવાદ વધ્યો છે અને દિલ્હીના સૂત્રો અનુસાર આ વખતે વિવિધ પોઝિટીવ પરિબળોને કારણે ચોમાસું સત્રમાં જીએસટીનો ખરડો પસાર થઈ જાય તે સંભાવના મજબૂત છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના પક્ષે અને દક્ષિણમાં તામિલનાડુ ખાતે અમ્માના પક્ષનો સપોર્ટ મળી જશે તે સંભાવના છે અને તેથી કોંગ્રેસ સપોર્ટ આપશે કે કેમ તે અનિશ્ચિતતા હવે દૂર થઈ રહી છે અને જો જીએસટીનો ખરડો આગામી સત્રમાં પસાર થઈ જાય તો તે આર્થિક સુધારાની દિશાનું એક મહત્ત્વનું પગલું

## એફડીઆઈની જોરદાર જાહેરાતોને કારણે બજારનો મૂડ બુલીશ

હશે અને તે પાછળ ખૂબજ મોટા પાયે વિદેશી રોકાણ ભારતમાં આવવાની ગણતરી છે.

સરકારે ઈન્સ્યોરન્સમાં એફડીઆઈ લિમિટ ૪૯ ટકા સુધી કર્યા પછી ઈન્સ્યોરન્સ સેક્ટરમાં હવે કોન્સોલિડેશનનો તબક્કો શરૂ થઈ ગયો છે અને તે પછી લગભગ ૨-૩ મહિનામાં ઈન્સ્યોરન્સ કંપનીઓના આઈપીઓ આવવાનું શરૂ થશે.

આ અઠવાડિયે મહાનગર ગેસનો આઈપીઓ ખૂલી રહ્યો છે અને અત્યારે દેશભરનાં તમામ સેન્ટરો પરથી જે રીતે નવા ડિમેટ ખાતાંઓના આંકડા આવી રહ્યા છે તે જોતાં રિટેલ ઈન્વેસ્ટરો આ બધાં આઈપીઓ માટે જોરદાર તૈયાર થઈ ગયા છે અને અગાઉના અનુભવ યાદ કરીએ તો એક વખત રિટેલ ઈન્વેસ્ટર આઈપીઓમાં પૈસા રોકતો થાય તે પછી જ થોડું કમાય અને બીજી હરોળના મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં થોડાં થોડાં પૈસા રોકવા લાગે છે. ઈક્વિટાસ હોલ્ડિંગ અને તે પછી ઉજ્જિવાનમાં રિટેલ ઈન્વેસ્ટરોને ખૂબ સુંદર રિટર્ન છૂટ્યું અને તે પછી હવે રિટેલ ઈન્વેસ્ટરો મહાનગર ગેસના આઈપીઓ માટે ચેકબુકો તૈયાર કરીને બેસી ગયા છે. ગ્રે માર્કેટમાં પણ જે રીતના ધૂમ કામકાજ છે તે જોતાં મહાનગરમાં ગળે ન ઉતરે તેવા ભરણાંનો આંકડો આવશે અને લિસ્ટીંગ પછી પણ જોરદાર ભાવ પડે અને રિટેલ ઈન્વેસ્ટર કમાય તે સંભાવના મજબૂત છે અને તે પછીના ક્વેસના આઈપીઓ માટે પણ અત્યારથી જ સોદા થવાનું શરૂ થઈ ગયું છે. હજી તારીખ નથી આવી કે પ્રાઈસબેન્ડ પણ જાહેર નથી થયો તે પહેલાં ક્વેસમાં ગ્રે માર્કેટમાં કામકાજ શરૂ થયા છે અને તે જ દર્શાવે છે કે આગામી દિવસોમાં રિટેલ ઈન્વેસ્ટરોની બજારમાં હાજરી ખૂબજ ઝડપથી વધવાની.

સામે પક્ષે બ્રિટન યુરોપિયન યૂનિયનમાં ચાલુ રહેશે કે કેમ તે અનિશ્ચિતતા ઉપર આવતાં અઠવાડિયે પૂર્ણ વિરામ લાગશે. યુરોપિયન યૂનિયનમાં રહેવાને કારણે બ્રિટનના અર્થતંત્રને ફટકો પડી રહ્યો છે તેમ બ્રિટિશ પ્રજાનું અને બ્રિટિશ સરકારનું માનવું છે અને તેથી આવતા અઠવાડિયે તેઓ યુરોપિયન યૂનિયનમાંથી નીકળી જવા મતદાન કરશે. આ પગલાંને કારણે વાસ્તવમાં તો ભારતીય અર્થતંત્રને કોઈ જ અસર નથી પડવાની. તેમ છતાં તેનાથી યુરોપિયન યૂનિયન થોડું નબળું પડે તે ભય છે અને તેને કારણે છેલ્લાં ૧૦ દિવસથી ભારતસહિત વિશ્વભરના શેરબજારોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે. મારી ગણતરી મુજબ આ ઘટાડો કોઈ પણ જાતના કારણ વગરનો છે અને તેથી આ ઘટાડાને અનુસરવામાં મૂરખ બનવાની જ વાત છે અને સારા શેરો ઉતાવળમાં વેચી નહીં મારતા તેમ ખાસ દર્શાવવું રહ્યું. એક વખત ચોમાસું શરૂ થઈ જતાં આખા વિશ્વના તમામ નેગેટિવ પાસાંઓ આપણે ભૂલી જઈશું અને એક તરફ જળાશયો ભરાવા લાગશે અને બીજી તરફ મારા અને તમારા શેરોના ભાવ ઉંચકાવા લાગશે. માટે મહેરબાની કરીને અત્યારે બ્રિટન એક્ઝિટ લે છે કે એન્ટ્રી લે છે તેનો વિચાર કરવાને બદલે સારા શેરો ભેગાં કરવા ઉપર જ તમારું ધ્યાન કેન્દ્રિત કરજો.




## પેસ્ટીસાઈડ અને એગ્રે કેમિકલ્સ સેક્ટર

આપણે બધાં ભલે ઔદ્યોગિક ઉત્પાદન અને ડિજીટલ ટેકનોલોજીની વાત કરતાં હોઈએ પરંતુ વાસ્તવિકતા એ છે કે હજી પણ ભારતની ૭૦ ટકા પ્રજા ગામડાંમાં રહે છે અને ભારતીય અર્થતંત્રનો મોટો હિસ્સો કૃષિ આધારિત જ છે. બે વર્ષ ચોમાસું નબળું આવે તો ભલભલા ડિજીટલની વાતો કરનારાનાં હાજાં ગગડી જાય છે. હવે જ્યારે ભારતના અને ઓસ્ટ્રેલિયાના હવામાન ખાતાએ આ વખતે ચોમાસું ૧૦૫થી ૧૧૦ ટકા થશે તેવો અંદાજ આપ્યો છે ત્યારે સ્વાભાવિક છે કે ફર્ટિલાઈઝર, પેસ્ટીસાઈડ અને એગ્રો કેમિકલ્સ કંપનીઓમાં ખૂબ સુંદર ઉછાળો જોવાય. બેન્કો દ્વારા ખેડૂતોને ધિરાણો અપાતાં હોવા છતાં બહુમતી ખેડૂત ચોમાસું કેવું છે તેને આધારે જ ખાતર અને પેસ્ટીસાઈડની ખરીદી કરે છે અને તેથી જો આ વખતે ચોમાસાની પ્રગતિ સંતોષકારક હોય તો ફર્ટિલાઈઝર શેરો અને એગ્રો કેમિકલ્સ શેરોમાં ગાંડી તેજી જોવાશે અને તેથી આ ખાસ સેક્ટરના શેરો શોર્ટટર્મ તેમજ ઈન્વેસ્ટમેન્ટ બંને એંગલથી અલગ અલગ એનાલિસિસ કર્યા છે.

મલ્ટીનેશનલ કૃત્રિમ બિયારણ કંપની **મોન્સેન્ટો**નો શેર અત્યારે રૂ. ૨૬૦૦ ઉપર છે. આ કંપની ભારતના અસંખ્ય પાક માટે કૃત્રિમ બિયારણ સપ્લાય કરે છે અને તેથી ચોમાસું સારું થાય તો તેને માટે લોટરી લાગી જાય. અત્યારના રૂ. ૨૬૦૦વાળા આ શેરમાં આવતાં થોડાં અઠવાડિયામાં રૂ. ૧૦૦-૨૦૦ના ઉછાળાની ગણતરી છે. કમાણીની સરખામણીમાં અત્યારનો ભાવ ઘણો ઉંચો છે એટલે તમને લોંગટર્મની રીતે લેવાનું નથી કહેતાં પરંતુ ૨-૩ અઠવાડિયા માટે રૂ. ૧૦૦-૨૦૦નું ભજિયું ખાઈ શકાય અને તેવી જ રીતે રૂ. ૩૯૨૮વાળા **બાયરક્રોપ્સ સાયન્સ**ના શેરમાં શોર્ટટર્મ કે લોંગટર્મ એકેય રીતે આકર્ષણ નથી. ભાવ અતિશય ઉંચો છે અને તેથી નવું રોકાણ સલાહભરેલ નથી.

**યુપીએલ** માટે રૂ. ૬૦૦ ઉપરના ભાવનો અંદાજ આપેલો. ચાણક્યના પ્રથમ પાનાં ઉપર યુપીએલનો શેર અંક નં-૩માં રૂ. ૪૯૧ના ભાવે લેવડાવેલો અને તે પછી અત્યારે ૧૦ અઠવાડિયા પછી તેમાં રૂ. ૬૦૦ ઉપરનો ભાવ ટચ થયા પછી રૂ. ૫૬૭નો ભાવ પડ્યો છે. મારી દૃષ્ટિએ યુપીએલમાં થોડું થોડું પ્રોફીટ બુકીંગ શરૂ કરતાં જવાય.

સામે પક્ષે ટાટાની **રાલિસ**નો શેર પણ લેવડાવ્યો હતો. અત્યારે રાલિસ રૂ. ૨૧૦ ઉપર છે અને ટાટાની આ કંપનીમાં રોકાણ જાળવી શકાય. રાલિસ અત્યારે ખૂબજ મોટા પાયે એગ્રો કેમિકલ્સ અને પેસ્ટીસાઈડની પરદેશના માર્કેટમાં નિકાસ કરે છે. પોલ્યુશન અંગેના નિયમો પરદેશમાં ખૂબ કડક છે અને ભારતમાં હજી આ નિયમો આવતાં સને ૨૦૨૦ થઈ જશે અને ત્યાં સુધી **રાલિસ, યુપીએલ, મેઘમણી** વગેરે કંપનીઓ જોરદાર કમાઈ લેશે.

**મેઘમણી**ની જ્યારે વાત નીકળી છે ત્યારે રૂ. ૨૪ના ભાવે આ શેર જનક શાહે લેવાનું કહ્યું હતું. અત્યારે મેઘમણીનો શેર રૂ. ૪૦ ઉપર આવી ગયો છે અને થોડો સમય આ લેવલ ઉપર કોન્સોલિડેટ થયા પછી તેમાં નવી તેજીની શરૂઆત થશે. એટલે જો તમારી પાસે શેર હોય તો જાળવી રાખવામાં વાંધો નથી.

રૂ. ૧૬૨ના ભાવે **જ્યુબિલન્ટ ઈન્ડસ્ટ્રીઝ**ના શેરમાં ફેન્સી વધી રહી છે. ભરતીયા ગ્રૂપની આ કંપની પણ એગ્રો કેમિકલ્સનું ઉત્પાદન કરે છે અને ભરતિયા ગ્રૂપની અન્ય કંપનીઓ જ્યુબિલન્ટ ફૂડવર્કસની સાથે સાથે **જ્યુબિલન્ટ ઇન્ડસ્ટ્રીઝ**ના શેરમાં પણ મજબૂત અપટ્રેન્ડની જગ્યા છે.

**ઈનસેક્ટિસાઈડ ઇન્ડિયા**નો શેર અત્યારે રૂ. ૪૬૧ના ભાવે મળી રહ્યો છે અને તે શેરમાં રોકાણ કરી દેવાય. એક સમય હતો કે જ્યારે આ શેર રૂ. ૯૦૦ સુધી ગયો હતો. અત્યારના ભાવે તેમાં થોડું રોકાણ કરી દેવું ખોટું નથી.

રૂ. ૨૧ના ભાવે મળતો **નાગાર્જુન એગ્રીકેમ**નો શેર ધ્યાનમાં રખાય. હૈદરાબાદના નાગાર્જુન ગ્રૂપની આ કંપની રૂ. ૬૮૩ કરોડના વેચાણો ધરાવે છે. નફો ખાસ નથી પરંતુ હવે રૂ. ૨૧ના ભાવે આ શેરને ધ્યાનમાં રાખજો અને તેમાં અપટ્રેન્ડ શરૂ થાય ત્યારે થોડું થોડું રોકાણ પણ વધારતા જવાય. એમ જોઈએ તો રૂ. ૨૧માં ખોવાનું શું ?

રૂ. ૪૩ના ભાવે મળી રહેલો **એમકો પેસ્ટિસાઇડ**નો શેર પણ પકડી શકાય. માંડ રૂ. ૯.૨૪ કરોડની નાની ઈક્વિટી છે અને રૂ. ૯૫ કરોડના વેચાણો ધરાવતી આ કંપનીમાં અગાઉ રૂ. ૫૩નું ટોપ બનેલું. અત્યારના ભાવે આ શેરને ધ્યાનમાં રખાય.

**એક્સલ ક્રોપકેર**નો રૂ. ૧૨૩૭વાળો શેર પણ પકડી શકાય અને આ શેરમાં ટૂંકા ગાળામાં ખાસ કસ નથી, પરંતુ ઈન્વેસ્ટમેન્ટની રીતે તેમાં થોડાં થોડાં શેરો પકડતા જવાય.

ફર્ટિલાઈઝર શેરોમાં આ વર્ષે સોલિડ તેજીની સંભાવના દેખાય છે. અગાઉ અનેક વખત તમને **જીએનએફસી**નો શેર લઈ લેવાનું કહ્યું હતું. રૂ. ૪૩ના ભાવે અને તે પછી રૂ. ૫૨ના ભાવે જીએનએફસી આગલા દિવાળી અંકમાં અને છેલ્લાં દિવાળી અંકમાં લેવડાવેલો. અત્યારે રૂ. ૧૩૮ ઉપર છે અને સ્પષ્ટ રીતે તમને વેચવાની ના પાડીએ છીએ. કોમન સેન્સથી તમે વિચારો કે જીએનએફસીની બુકવેલ્યુ જ રૂ. ૧૭૨ છે અને તેમાં ચાલુ વર્ષનો નફો ઉમેરાશે ત્યારે બુકવેલ્યુ રૂ. ૧૮૬ થઈ જવાની. એટલે ક્યાં સુધી આ શેર આવા ડિસ્કાઉન્ટના ભાવે પડી રહેશે ? વેચવાની સ્પષ્ટ મનાઈ છે.

સામે પક્ષે **જીએસએફસી**નો રૂ. ૭૩ના ભાવનો શેર રણછોડરાયને યાદ કરીને લઈ લો. ગુજરાત સરકારની આ બંને બહેનોમાં જીએસએફસી મોટી બહેન છે અને વર્ષોથી વધારે સારું કમાય છે. છેલ્લાં વર્ષના આંકડા જોઈએ તો જીએનએફસીમાં રૂ. ૪૫૪૮ કરોડના વેચાણો સામે જીએસએફસીએ રૂ. ૬૧૬૩ કરોડના વેચાણો કરેલા. જીએનએફસીમાં રૂ. ૨૨૬ કરોડનો નફો હતો જ્યારે મોટી બહેન જીએસએફસીએ રૂ. ૩૭૯ કરોડનો નફો મેળવેલો જ્યારે જીએસએફસીનો શેર અત્યારે આપણને રૂ. ૭૩માં મળે છે. કદાચ લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે, એટલે યથાશક્તિ જીએસએફસીના શેર લઈને મૂકી દેજો. ૧૨ મહિને જોરદાર કમાણીની જગ્યા છે.

તેવી જ રીતે રૂ. ૨૩-૨૫ની રેન્જમાં મળતો **સ્પીક**નો શેર પણ લઈને મૂકી દેવાય. તેમાં પણ આગામી દિવસોમાં રૂ. ૩૦ની સંભાવના મજબૂત છે.

**આરસીએફ**નો રૂ. ૪૪-૪૫વાળો શેર પણ લઈને મૂકી દેવાય. ભારત સરકારની આ કંપનીમાં પણ નફો જોરદાર આવવાનો. સરકાર વતી આ કંપની કેટલાંક ખાતરની આયાત કરીને કમાઈ લે છે. ઉપરમાં રૂ. ૬૦-૬૨નો ભાવ જોવાય તે સંભાવના છે.

**ટાટા કેમિકલ્સ** સુંદર ઉછાળા પછી અત્યારે ટૂંકી વધઘટના તબક્કામાં છે. તેમાં થોડું રોકાણ કરી દેવાય. ખાતર ઉપરાંત આ કંપની ક્લોર આલ્કલી અને ટાટા સોલ્ટ, ટાટા મસાલા વગેરે મજબૂત બિઝનેસો પણ ધરાવે છે. આ કંપની વોટર પ્યુરીફાયર પણ વેચી રહી છે અને તેથી આગામી દિવસોમાં ધીરે ધીરે રૂ. ૫૦૦નો ભાવ બતાવી દે તો નવાઈ નહિ લાગે.

રૂ. ૬૦ના ભાવે **ધરમશી મોરારજી** અને રૂ. ૧૫૩ના ભાવે **દિપક ફર્ટિલાઈઝર**નો શેર પણ પકડી શકાય. પેટ્રોલ અને ડિઝલને સબસીડી મુક્ત કર્યા પછી જેટલી સાહેબ ખાતરની સબસીડી કાપી નાંખવા માટે તૈયાર થઈ રહ્યા છે. તેથી રૂ. ૬૬ના ભાવે મળતો **ચંબલ ફર્ટિલાઈઝર**નો શેર લઈને મૂકી દેજો. તેમાં ઉપરમાં રૂ. ૭૫-૮૦નો ભાવ ૧૨ મહિને જોવાય તે સંભાવના મજબૂત છે.

## પેપર સેક્ટર

તેવી જ રીતે હવેના તબક્કે પેપરના શેરોમાં કરંટ શરૂ થઈ ગયો છે. છેલ્લાં ત્રણેક વર્ષથી પેપર શેરો નફાશક્તિ સારી હોવા છતાં એકદમ મંદ પડી ગયા હતા, પરંતુ તેમાં હવે મૂવમેન્ટ શરૂ થઈ છે અને મુખ્ય આકર્ષણ ૩-૪ શેરોમાં છે. થાપર ગ્રૂપની **બેલારપુર ઈન્ડસ્ટ્રીઝ**નો શેર અત્યારે રૂ. ૧૫.૮૫ના ભાવે મળી રહ્યો છે. રૂ. ૪૫૨ કરોડના વેચાણો છે અને રૂ. ૨૪.૬૦ની તો બુકવેલ્યુ છે. આ શેરમાં લગભગ રૂ. ૧૦નું રિટર્ન છૂટશે તે ગણતરીએ થોડાંક શેરો લઈને મૂકી દેવાય. (૬૦ ટકાનું રિટર્ન થયું.) સામે પક્ષે બાંગુર ગ્રૂપની **વેસ્ટકોસ્ટ પેપર**નો શેર આ ભાવે લઈને મૂકી દેવાય. બાંગુર ગ્રૂપના શેરો એમ પણ

(અનુ. પાના ૨ ઉપર)

**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સામન્ય સુચના**

આથી સુચના આપવા માં આવે છે કે કંપની નાં બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સ ની ૧૫મી જુન ૨૦૧૬ ની મીટિંગ ના રોજ નિર્ણય લેવા માં આવ્યો છે કે કંપની નાં શેર ટ્રાન્સફર એજન્ટ શેરપ્રો સર્વિસ(ઈ.) પ્રાઈવેટ લિમિટેડ ને બદલી ને લિંક ઈનટાઈમ ઈંડિયા પ્રાઈવેટ લિમિટેડ (સેબી નોંધણી ક્રમાંક INR 000004058) ને નિમણૂંક કરવા માં આવ્યા છે. તારીખ ૨૩મી જુન ૨૦૧૬ થી શેર સંબંધિત દરેક પત્રવ્યવહાર અને વિનંતી નીચે દર્શાવેલ સરનામે મોકલવા વિનંતી:

Link Intime India Pvt. Ltd.
303, 3rd Floor, Shoppers Plaza-V,
Opp. Municipal Market, Above SBI,
Off C. G. Road, Navrangpura,
Ahmedabad - 380 009

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
દિપક ચોક્સી
મેનેજીંગ ડાઈરેક્ટર.

સ્થળ: અમદાવાદ
તારીખ: ૨૦ જુન ૨૦૧૬

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો



















